| 13 | (Loan Code No. 03510000538 / Ahmedabad Branch) Bharatkumar Gurjar (Borrower) Mangabhai Gurjar (Co-Borrower) | 12-04-2025 & ₹ 7,63,619/- | All that piece and parcel of the property bearing, GF House No. 415 Prajapati Vas(Khadaki Vas) Off To NH - 08 Giyod Giyod Gandhinagar Gujarat 382321. **Boundaries** : East -Public road, West - Space of Thakor Umedji Galaji, North - House of Prajapati Kapilaben Arvindbhai, South - Space of Patel Ishvarbhai Muljibhai | Rs. 9,60,960/- | Rs. 96,096/- | Physical |

1. Last Date of Submission of DD of Earnest Money Deposit along with KYC, Tender Form and accepted Terms and conditions (Tender Documents) is **13.01.2026 within 5:00 PM** at the Branch Office address mentioned herein above or uploaded on **https://bankeauctions.com.** Tenders documents received beyond last date will be considered as invalid tender and shall accordingly be rejected. No interest shall be paid on the EMD.
2. Date of Opening of the Bid/Offer (Auction Date) for Property is **15.01.2026 on https://bankeauctions.com at 3:00 pm To 4:00 pm.**
3. AHFL is not responsible for any liabilities whatsoever pending upon the property as mentioned above. The Property shall be auctioned on **'As is Where Is Basis', 'As is What Is Basis' and 'Whatever Is There Is Basis'.**
4. The Demand Draft Should be made in favor of 'Aadhar Housing Finance Limited' Only.
5. Auction/bidding shall be only through "Online Electronic Bidding" through the website **https://bankeauctions.com.** Bidders are advised to go through the website for detailed terms before taking part in the e-auction sale proceedings.
6. The intending bidders should register their names at portal **M/s C 1 INDIA PVT LTD** through the link **https: //bankeauctions.com/registration/signup,** and get their User ID and password free of cost. Prospective bidder may avail online training on E- auction from the service provider **M/s C1 INDIA PVT LTD** through the website **https://bankeauctions.com**
7. For further details contact Authorised Officer of **Aadhar Housing Finance Limited, Saurabh Mehta (Contact No. 9898730007)** and **Pandit Pradeep Pachori (Contact No. 9111131122)** OR the service provider M/s C1 INDIA PVT LTD, **Mr. Prabhakaran, Mobile No: +91-74182-81709, E-mail:tn@c1india.com & support@bankeauctions.com, Phone No. +917291981124 /25 /26.** As on date, there is no order restraining and/or court injunction AHFL/the authorized Officer of AHFL from selling, alienating and/or disposing of the above immovable properties/ secured assets.
8. For detailed terms and conditions of the sale, please refer to the link provided in Aadhar Housing Finance Limited (AHFL), secured creditor's website i.e. **www.aadharhousing.com.**
9. The Bid incremental amount for auction is **Rs.10,000/-.**
10. This newspaper publication and the data contained herein is intended for general public dissemination. Any reproduction, distribution, transmission, or republication of this content, in whole or in part, in any form or by any means, whether print, digital, electronic publication in any form, e-mail or web publications, or otherwise through any mode is strictly prohibited. Any unauthorized use of the above content through any mode may result in appropriate legal action by AHFL.

**Place : Gujarat, Date : 10.12.2025**

**Sd/- Authorised Officer**
**Aadhar Housing Finance Limited**

# લોર્ડ્સ માર્ક ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ - રેનાલિક્સને વિશ્વના પ્રથમ AI-આધારિત સ્માર્ટ હેમોડાયાલિસિસ મશીનનું ઉત્પાદન કરવા માટે ક્લાસ ઝ લાઇસન્સ મળ્યું છે, જે વિશ્વની છઠ્ઠી CE-પ્રમાણિત બ્રાન્ડ બની છે.

● મુંબઈ, તા.૯

લોર્ડ્સ માર્ક ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (LMIL) એ ભારતના મેડિકલ-ટેક ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. કંપનીને વિશ્વના પ્રથમ AI-આધારિત સ્માર્ટ હેમોડાયાલિસિસ મશીનોનું ઉત્પાદન કરવા માટે સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO) તરફથી ક્લાસ C લાઈસન્સ મળ્યું છે. આ એક મહત્વપૂર્ણ પગલું છે જે જીવન બચાવતી આરોગ્યસંભાળ ટેકનોલોજીમાં દેશની આત્મનિર્ભરતાને મજબૂત બનાવે છે.

લોર્ડ્સ માર્ક ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ - રેનાલિક્સને હવે વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત CE માર્કિંગ પણ મળ્યું છે, જેનાથી તે ડાયાલિસિસ સિસ્ટમ માટે આ પ્રમાણપત્ર મેળવનારી વિશ્વભરની માત્ર છઠ્ઠી બ્રાન્ડ બની છે. ઝઈ માર્કિંગ ખાતરી કરે છે કે ઉત્પાદન યુરોપિયન યુનિયનના આરોગ્ય, સલામતી અને પર્યાવરણીય સંરક્ષણના ઉચ્ચતમ ધોરણોને પૂર્ણ કરે છે, જે તેને સમગ્ર યુરોપિયન આર્થિક ક્ષેત્રમાં (EEA) કાયદેસર રીતે સુલભ બનાવે છે.વિશ્વની પ્રથમ AI-આધારિત સ્માર્ટ હેમોડાયલિસિસ મશીન બનાવવા માટે ક્લાસ C લાઈસન્સ મેળવવું એ ભારતની મેડિકલ-ટેક સિસ્ટમમાં સૌથી પડકારજનક નિયમનકારી સીમાચિહ્નોમાંનું એક છે. ક્લાસ C ઉપકરણો ઉચ્ચ-જોખમ, જીવન-બચાવ શ્રેણીમાં આવે છે, જેનો અર્થ એ છે કે સહેજ પણ એન્જિનિયરિંગ અથવા પ્રક્રિયા ખામી દર્દીના જીવનને સીધી અસર કરી શકે છે. આ લાઈસન્સ મેળવવા માટે, કંપનીઓએ ૧૪૦ થી વધુ ગુણવત્તા, સલામતી અને જોખમ-વ્યવસ્થાપન પરિમાણોનું સંપૂર્ણ પાલન દર્શાવવું આવશ્યક છે, જેમાં બાયોકોમ્પેટિબિલિટી પ્રૂફ, ઈલેક્ટ્રોમિકેનિકલ સલામતી માન્યતા, વંધ્યત્વ ખાતરી, દરેક ઘટકની ટ્રેસેબિલિટી, સખત દસ્તાવેજીકરણ અને મલ્ટી-સ્ટેજ પ્લાન્ટ ઓડિટનો સમાવેશ થાય છે. ખૂબ ઓછા ઉત્પાદકો આ શ્રેણીનો પ્રયાસ કરે છે કારણ કે મંજૂરી ધોરણો વૈશ્વિક નિયમનકારી ધોરણો સાથે તુલનાત્મક છે. તેથી જ આ પ્રમાણપત્ર ખૂબ મહત્વનું છેઃ તે સત્તાવાર અધિકૃતતા છે જે લોર્ડ્સ માર્ક ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડને સ્થાનિક સ્તરે અદ્યતન રેનલ-કેર સાધનોનું ઉત્પાદન કરવાની મંજૂરી આપે છે, જે આયાતી મશીનો પર દેશની નિર્ભરતા ઘટાડે છે અને ખાતરી કરે છે કે ભારતનું ડાયાલિસિસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વૈશ્વિક સ્તરે માનક, સંપૂર્ણપણે સુસંગત, જીવન-બચાવ ટેકનોલોજી દ્વારા સમર્થિત છે.

આ સિદ્ધિ ભારત માટે નિર્ણાયક સમયે આવી છે. દેશનું ડાયાલિસિસ બજાર, જે ૨૦૨૪ સુધીમાં US$૫ બિલિયનનું થવાનો અંદાજ છે, અંદાજે ૧.૮-૨ મિલિયન ઝદ્ધઢ દર્દીઓને સેવા આપે છે, અને દર વર્ષે ૨૨-૨૫૦,૦૦૦ નવા ESRD કેસનું નિદાન થાય છે. છતાં, ભારતમાં ૬,૦૦૦ થી ઓછા ડાયાલિસિસ કેન્દ્રો છે, અને સારવારની માંગ ૧૦-૧૨% ના CAGR થી વધી રહી છે, જ્યારે દેશ આયાતી સાધનો પર ભારે નિર્ભર રહે છે.

# અમદાવાદમાં સુભાષ બ્રિજ ૨૫ ડિસેમ્બર સુધી બંધ, સુપર સ્ટ્રક્ચરને નુકસાનની શંકા

● અમદાવાદ, તા.૯

અમદાવાદ શહેરના મુખ્ય માર્ગો પૈકીના એક એવા સુભાષ બ્રિજને તાત્કાલિક અસરથી જાહેર જનતા માટે બંધ કરી દેવામાં આવ્યો છે. બ્રિજના સુપર સ્ટ્રક્ચરમાં ગંભીર નુકસાનની શંકા સામે આવતાં સલામતીના ભાગરૂપે આ પગલું લેવામાં આવ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે, આ બ્રિજ ૨૫ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી બંધ રહેશે, અને નાગરિકોને વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે.

નોંધનીય છે કે, ૪ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ બ્રિજને નુકસાનની શંકા બહાર આવી હતી, જેના પગલે તાત્કાલિક ધોરણે તેને બંધ કરાયો હતો. બ્રિજની વિગતવાર ઈન્સ્પેક્શનની કામગીરી હાલ પ્રગતિમાં છેઃ ગુજરાત સરકારના આર એન્ડ બી ડિઝાઈન સર્કલ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના M પેનલમાં રજિસ્ટર્ડ સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટની મદદ લેવામાં આવી છે.બ્રિજના ફાઉન્ડેશનની ચકાસણી એક્સપર્ટ દ્વારા કરવામાં આવી રહી છે.વધુ તપાસ અને ટેસ્ટિંગ માટે IIT મુંબઈ, IIT રૂરકી અને અન્ય બ્રિજ નિષ્ણાતોનો પણ સંપર્ક કરવામાં આવ્યો છે.આ તમામ નિષ્ણાત કામગીરી અને રિપોર્ટ પૂર્ણ થયા બાદ જ બ્રિજને ફરીથી ખોલવા અંગેનો નિર્ણય લેવામાં આવશે.

સુભાષ બ્રિજ, અમદાવાદના મુખ્ય વિસ્તારોને જોડતો હોવાથી તેના બંધ થવાથી શહેરના અન્ય માર્ગો પર ટ્રાફિકનું ભારે દબાણ વધી ગયું છે, જેના કારણે દૈનિક કામગીરી અને નાગરિકોને અસુવિધા પડી રહી છે. AMC એ જાહેર જનતાને અપીલ કરી છે કે, તેઓ આ સમયગાળા દરમિયાન વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરે અને ટ્રાફિકના નિયમોનું કડક પાલન કરે. વહીવટીતંત્રે ટ્રાફિક પોલીસને પણ વૈકલ્પિક રૂટ પર વાહનવ્યવહાર સરળ રાખવા માટે વધુ કડક બનાવવા સૂચના આપી છે.

## હવે વીજ-લોડના વધ-ઘટના સંજોગોમાં વીજ કંપનીઓ પૂર્વાનુમાનના આધારે એલર્ટ મેળવી શકશે

# ગુજરાતમાં વીજ માંગનું એડવાન્સ પ્લાનિંગ કરતું 'ઊર્જા સંવર્ધનમ' ડિજિટલ પ્લેટફોર્મ કાર્યરત : મંત્રી રુષિકેશ પટેલ

● અમદાવાદ, તા.૧૨

ગુજરાત સરકારે રાજ્યમાં વીજળીના સતત વધી રહેલા વપરાશ અને ભાવિ માંગને પહોંચી વળવા એક નવતર પહેલ કરી છે. જે મુજબ, ''ઊર્જા સંવર્ધનમ'' નામનું એક અદ્યતન, ડેટા-આધારિત, ડિજિટલ ઈન્ટિગ્રેટેડ પ્લાનિંગ અને કોઓર્ડિનેશન પ્લેટફોર્મ શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાતના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં વીજ વપરાશમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે ત્યારે રાજ્ય સરકારે વીજળીના પુરવઠાનું અસરકારક વ્યવસ્થાપન થાય અને નિયંત્રણ જાળવાય તે માટે આ અદ્યતન ઓનલાઈન મોનિટરિંગ સિસ્ટમ ''ઊર્જા સંવર્ધનમ''ની શરુઆત કરી છે. ખાસ કરીને, ૧૨ ટકા કે તેથી વધુ વીજ-લોડ વપરાશ ધરાવતા વિસ્તારોમાં ફીડર-ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર દ્વારા તાત્કાલિક સુધારાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પ્રાદેશિક અને ઔદ્યોગિક વિસ્તારોમાં લોડ પ્રોબેબિલિટીનું વિશ્લેષણ કરીને, ૬ થી ૧૨ ટકા વીજ વપરાશ વધારો ધરાવતા વિસ્તારોને પ્રાથમિકતા આપીને માળખાકીય વિકાસનું આયોજન કરાશે. આ પ્લેટફોર્મ ઢેંજીર્ઝસ્જી, ર્ઘ્ઝ, અને ઁકદ્રન માટે એક સંકલિત ડિજિટલ ઈન્ટરફેસ તરીકે કાર્ય કરે છે.ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલે સંબંધિત અધિકારીઓને આ નવી પ્રણાલીનો મહત્તમ ઉપયોગ કરીને વીજળી ઉત્પાદન અને વિતરણની પ્રક્રિયાને સુદૃઢ બનાવવા ખાસ તાકીદ કરી છે. આ પહેલના માધ્યમથી વીજ વપરાશના દૈનિક કે સમયબદ્ધ ડેટાનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે, જેનાથી વીજ-લોડના વધ-ઘટના સંજોગોમાં વીજ કંપનીઓને સમયસર પૂર્વાનુમાન મેળવીને જરૂરી પગલાં લેવા માટે એલર્ટ મેળવી શકાશે. ગુજરાત રાજ્ય ઉદ્યોગ, વેપાર, કૃષિ અને શહેરીકરણમાં ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે. જેના કારણે આગામી વર્ષોમાં વીજળીની માંગ અનેકગણી વધવાની છે. આ વૃદ્ધિને ટકાવી રાખવા માટે રાજ્યના પાવર નેટવર્કને એટલે કે, વીજ જનરેશન, ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશનને માંગ સર્જાય તે પહેલાંથી અગાઉથી આયોજન સાથે તૈયાર રાખવું ખૂબ જ જરૂરી છે.

આ અગાઉ, નેટવર્કનું વિસ્તરણ મુખ્યત્વે મેન્યુઅલ ઈનપુટ્સ અને લાંબી મંજૂરી પ્રક્રિયાઓ પર આધારિત હતું, જેના કારણે નિર્ણય લેવામાં વિલંબ થતો હતો. જ્યારે હવે, રાજ્ય સરકારના નવા ''ઊર્જા સંવર્ધનમ'' પ્લેટફોર્મના માધ્યમથી સંપૂર્ણ વિશ્લેષિત ડેટા ઉપલબ્ધ થતા નિર્ણય લેવામાં સરળતા થશે પરિણામ સ્વરુપ રાજ્યનું પાવર નેટવર્ક હંમેશા માંગથી એક કદમ આગળ રહેશે. ખાસ કરીને, ગ્રામીણ અને શહેરી વિસ્તારોના દૂરના સબસ્ટેશનો પર વીજ વપરાશના અચાનક વધારાની સ્થિતિમાં મુશ્કેલી ન પડે તે માટે આ નવું મોનિટરિંગ સિસ્ટમ લોડ વધારાને સતત એલર્ટ પર રાખશે.

ઊર્જા સંવર્ધનમ્ પ્લેટફોર્મ કઈ રીતે કાર્ય કરશે ?

- ડેટા એકત્રીકરણ અને વિશ્લેષણ : ફીલ્ડમાંથી ભૌગોલિક માંગનો ડેટા એકત્રિત કરીને તેનું વિશ્લેષણ કરવું.
- રિયલ-ટાઈમ મોનિટરિંગ : સબસ્ટેશન અને ફીડરના ગ્રોથ ટ્રેન્ડ્સનું સતત નિરીક્ષણ કરશે, ૨૪૦૦ સબસ્ટેશનો અને હજારો ૧૧ ફ્ર ફીડર્સ મેપ કરવામાં આવ્યા છે
- નવા સબસ્ટેશન પ્રસ્તાવ : નવા સબસ્ટેશન પ્રસ્તાવોને ડિજિટલ સબમિશનથી લઈને મંજૂરી સુધીના સંપૂર્ણ એન્ડ-ટુ-એન્ડ વર્ક-ફ્લોને ટ્રેક કરશે, જેથી મંજૂરી પ્રક્રિયા ઝડપી થશે.

# એચડીએફસી બેંક ગ્રૂપે સફળતાપૂર્વક એચડીએફસી ટેક ઇનોવેટર્સ ૨૦૨૫નું સમાપન કર્યું

● અમદાવાદ, તા.૯

એચડીએફસી બેંક ગ્રૂપે સફળતાપૂર્વક એચડીએફસી ટૅક ઈનોવેટર્સ ૨૦૨૫ની ચોથી આવૃત્તિનું સમાપન કર્યું, જેમાં ૬ સેક્ટર્સમાં ૧૦ વિજેતાઓ અને ઉભરી રહેલી મહિલા સ્થાપકો માટે બે વિશેષ રેકગ્નિજિશન એવોર્ડ્સની જાહેરાત કરવામાં આવી હતી. ભારતની ઝડપથી વિકસી રહેલી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને સમર્થન પૂરું પાડવા માટે એચડીએફસી ટૅક ઈનોવેટર્સ ૨૦૨૫નું આયોજન એચડીએફસી બેંક, એચડીએફસી કેપિટલ અને એચડીએફસી એએમસી દ્વારા તથા અન્ય ગ્રૂપ કંપનીઓ એચડીએફસી લાઈફ, એચડીએફસી અર્ગો, એચડીએફસી સિક્યોરિટીઝ અને એચડીબી ફાઈનાન્શિયલ સર્વિસિઝના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ આવૃત્તિમાં દેશના ૨૯૦થી વધુ શહેરોમાંથી ૧,૬૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સની અરજીઓ પ્રાપ્ત થઈ હતી.

સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને સપોર્ટ પૂરો પાડવાના ઉદ્દેશ્યથી શરૂ કરવામાં આવેલ એચડીએફસી ટૅક ઈનોવેટર્સ સ્ટાર્ટઅપ્સ માટે એક રેકગ્નિજિશન પ્લેટફોર્મ પૂરું પાડે છે અને એચડીએફસી બેંક ગ્રૂપ કંપનીઓને ઉત્પાદનો અને ઉકેલના સંયુક્ત વિકાસ માટે જોડાવા અને સંશોધન કરવા સક્ષમ બનાવે છે. આ પહેલ પ્રારંભિક તબક્કામાં રહેલા એવા સ્ટાર્ટઅપ્સને માન્યતા આપે છે, જે ઉદ્યોગસાહસિક વિકાસયાત્રાને પ્રોત્સાહન આપવા માટે નવીન ઉકેલો સર્જે છે. આ વર્ષની શરૂઆતમાં એચડીએફસી બેંકે ઊદ્રે લેબ્સમાં રોકાણ કરવાની જાહેરાત કરી હતી, જે ફુલ-સ્ટેક એન્ડ-ટુ-એન્ડ ક્વોન્ટમ-સેફ સાયબર સિક્યોરિટી પ્લેટફોર્મમાં અગ્રણી છે. ઊદ્રે લેબ્સને એચડીએફસી ટૅક ઈનોવેટર્સ ૨૦૨૪માં માન્યતા મળી હતી. એચડીએફસી બેંક તેના સીએસઆર કાર્યક્રમ 'પરિવર્તન' દ્વારા પણ સ્ટાર્ટઅપ્સને સમર્થન પૂરું પાડે છે, જે સમગ્ર દેશના અગ્રણી ઈન્ક્યુબેટર્સ સાથે કામ કરે છે.

એચડીએફસી બેંકના બ્રાન્ચ બૅંકિંગ, પેમેન્ટ્સ, ટ્રેઝરી, લાયેબિલિટી પ્રોડક્ટ્સ, માર્કેટિંગ, વર્ચ્યુઅલ ચેનલ્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ગ્રૂપ હેડ શ્રી આશિષ પાર્થસારથીએ જણાવ્યું હતું કે, ''ભારતની નવી પેઢીના કૉર્પોરેશન્સ બનવાની સ્ટાર્ટઅપ્સની વિકાસયાત્રામાં તેમને માન્યતા આપવા અને તેમને સપોર્ટ કરવા માટે આજે અહીં હાજર રહેવું એ અમારા માટે સૌભાગ્યની વાત છે. એક બેંક તરીકે અમે આ ઈકોસિસ્ટમને શ્રેણીમાં શ્રેષ્ઠ પ્રોડક્ટ સર્વિસિઝ પૂરી પાડવા માટે સતત પ્રયત્નશીલ રહીએ છીએ. અમારા સ્ટાર્ટઅપ બિલ્ડઅપ પ્રોગ્રામની સેવાઓ ખરેખર વિશિષ્ટ પ્રકારની છે, જેમાં કસ્ટમાઈઝ્ડ ચાલુ ખાતાથી લઈને ઓછામાં ઓછા સાત લોકો માટે હેલ્થ ગ્રૂપ કવર, કૉમર્શિયલ કાર્ડ્સ અને એફડીઆઈ તથા ઓડીઆઈ ટ્રાન્ઝેક્શન્સ પર રેગ્યુલેટરી રીપોર્ટિંગ્સ અને ફાઈલિંગ્સને સપોર્ટ કરતી મૂલ્ય-વર્ધિત સેવાઓ સુધીની સુવિધાઓનો સમાવેશ થાય છે.''એચડીએફસી એએમસીના એમડી અને સીઈઓ શ્રી નવનીત મુનોતએ જણાવ્યું હતું કે, ''આજે નવીનીકરણ મનુષ્યની પ્રગતિના દરેક પાસાંને બદલી રહ્યું છે, ફાઈનાન્સ અને હેલ્થકૅરથી માંડીને ડીપ ટૅક, સ્પેસ ટૅક્નોલોજી અને ફ્રન્ટિયર સાયેન્સ સુધી. એચડીએફસી બેંક ગ્રૂપમાં અમે પોતાને ભારતની નવીનીકરણની વિકાસયાત્રામાં લાંબાગાળાના સહયોગીઓ તરીકે જોઈએ છીએ તથા જેઓ સીમાઓ અને શક્યતાઓને વિસ્તારે છે, તેમને સપોર્ટ કરીએ છીએ. એચડીએફસી એએમસીમાં અમારું મિશન દેશની ઉદ્યોગસાહસિક ઊર્જાને દરેક ભારતીય માટે સંપત્તિનું નિર્માણ કરવામાં પરિવર્તિત કરવાનું છે. એચડીએફસી ટૅક ઈનોવેટર્સ ભારતને આગળ ધપાવનારી શોધખોળની ભાવનાને બિરદાવે છે અને દેશના ભવિષ્યને ઘડનારાઓની સાથે ઊભા રહેવામાં અમે ગૌરવ અનુભવીએ છીએ.''

એચડીએફસી કેપિટલના સીઈઓ વિપુલ રૂંગટાએ જણાવ્યું હતું કે, 'નવીનીકરણ અને ટેક્નોલૉજી વિશ્વમાં આવનારા પરિવર્તનના સૌથી નોંધપાત્ર ચાલકબળોમાંથી એક હશે, જે વેલ્યૂ ચેઈનના દરેક તબક્કાને ફરીથી આકાર આપશે. અમે ઉભરી રહેલી ટેક્નોલૉજી પર આધારિત ઉકેલો અને ભવિષ્ય માટે સજ્જ બિઝનેસ મોડેલ્સ પ્રત્યેની અમારી કટિબદ્ધતાને વધુ ઘનિષ્ઠ બનાવી રહ્યાં છીએ. નવપ્રવર્તકો અને ઈન્ડસ્ટ્રીના પાર્ટનર્સ સાથે મળીને, અમે ભારતમાં નિર્મિત વિશ્વની શ્રેષ્ઠતાના આગામી યુગમાં સાર્થક પ્રગતિ સાધવા અને યોગદાન આપવા માટે ઉત્સુક છીએ.'

# ઇસ્કોન બ્રિજ પર અકસ્માત સર્જનારા તથ્ય પટેલને સાક્ષીએ કોર્ટ સમક્ષ ઓળખી બતાવ્યો

● અમદાવાદ, તા.૯

અમદાવાદના ઈસ્કોન બ્રિજ પર અકસ્માત સર્જનારા રફતારના રાક્ષસ તથ્ય પટેલને સાક્ષીએ કોર્ટ સમક્ષ ઓળખી બતાવ્યો હતો. સાક્ષીએ વીડિયો કોન્ફરન્સમાં તથ્યને ઓળખી બતાવ્યો હતો

અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં તથ્ય પટેલ અકસ્માત કેસની સુનાવણીમાં સાક્ષીઓની જુબાની લેવાઈ હતી જેમાં એક સાક્ષીએ આરોપી તથ્ય પટેલને ઓળખી બતાવતાં કહ્યું હતું કે ટોપી પહેરેલ અને બ્લુ શર્ટવાળો તથ્ય પટેલ છે. કોર્ટે સાક્ષીને પુછ્યું હતું કે તુ તથ્યને ઓળખે ખરો..ત્યારે સાક્ષીએ કહ્યું કે ટોપી પહેરેલો અને બ્લ્યુ શર્ટવાળો તથ્ય પટેલ છે. સાક્ષીએ ગ્રામ્ય કોર્ટમાં અકસ્માતની ઘટના પણ વર્ણવી હતી.

સાક્ષીએ કહ્યું હતું કે તથ્ય પટેલની ગાડી ઓવર સ્પીડમાં હતી. ગાડીના બોનેટ અને આગળ-પાછળ મૃતદેહ પડ્યા હતા અને ૩૦ મિનિટ પછી મને સોલા સિવિલ લઈ ગયા હતા.

અકસ્માતનો ભોગ બનવાર આ સાક્ષીએ કોર્ટમાં કહ્યું હતું કે હું ગાડીના પાછળના ભાગે ફસાયો હતો. તેણે કહ્યું હતું કે હું જો ગાડીની પાછળના ભાગે ફસાયો ના હોત તો વધુ જાનહાનિ થઈ હોત. ઉલ્લેખનિય છે કે અકસ્માતમાં સાક્ષીને બંન્ને પગે ફેક્ચર થયું હતું.તેને ડાબા પગમાં ૩ ફેક્ચર અને જમણા પગમાં ૧ ફેક્ચર થયા હતા.

# ઉત્તર પૂર્વીય રેલ્વે પર અવરોધ આવવાને કારણે બાંદ્રા ટર્મિનસ - ગોરખપુર ટ્રેન પ્રભાવિત

● મુંબઈ, તા.૯

ઉત્તર પૂર્વીય રેલ્વેના માઉ - પીપરી દીહ - દુલ્લાહપુર સ્ટેશનો અને માઉ - ખુરાહટ સ્ટેશનો પર પેચ ડબલિંગ કાર્ય શરૂ કરવા માટે ચાલી રહેલા કાર્યને ધ્યાનમાં રાખીને, ૦૬ થી ૧૮ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી બ્લોક હાથ ધરવામાં આવશે. આના કારણે, ટ્રેન નંબર ૧૯૦૯૧/૧૯૦૯૨ બાંદ્રા ટર્મિનસ - ગોરખપુર એક્સપ્રેસને અસર થશે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલ એક અખબારી યાદી અનુસાર, અસરગ્રસ્ત ટ્રેનની વિગતો નીચે મુજબ છેઃ

૧૫ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ શરૂ થનારી ટ્રેન નંબર ૧૯૦૯૧ બાંદ્રા ટર્મિનસ - ગોરખપુર એક્સપ્રેસ ગોરખપુરને બદલે વારાણસી સ્ટેશન પર ટૂંકા ગાળા માટે બંધ થશે. તેથી, આ ટ્રેન વારાણસી અને ગોરખપુર સ્ટેશનો વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે.

તેવી જ રીતે, ટ્રેન નંબર ૧૯૦૯૨ ગોરખપુર - બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ, ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ શરૂ થનારી, ગોરખપુર સ્ટેશનને બદલે વારાણસી સ્ટેશનથી ઉપડશે. તેથી, આ ટ્રેન ગોરખપુર અને વારાણસી સ્ટેશનો વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે.

# પૂર્વોત્તર રેલવેમાં નોન ઈન્ટરલોકિંગ કામને લીધે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

● મુંબઈ, તા.૯

પૂર્વોત્તર રેલવેના મઊ-પિપહરી ડીહ-દુલ્લહપુર સેક્શનમાં પેચ ડબલિંગ કમીશનીંગ અને {Q-ખુરહટ પ્રી-નૉન ઈન્ટરલોકિંગ કામને લીધે અમદાવાદ મંડળની કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. જેની વિગતો નીચે મુજબ છે :-

આંશિક રદ ટ્રેનો

૧૬ ડિસેમ્બર ૨૦૨૫ ની ટ્રેન નં. ૧૯૪૮૯ સાબરમતી-ગોરખપુર એક્સપ્રેસ વારાણસી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ (સમાપ્ત) થશે તથા વારાણસી-ગોરખપુર વચ્ચે આંશિક રદ રહેશે.

૧૭ ડિસેમ્બર ૨૦૨૫ ની ટ્રેન નંબર ૧૯૪૯૦ ગોરખપુર-અમદાવાદ એક્સપ્રેસ વારાણસી સ્ટેશનથી ઓરિજિનેટ (પ્રારંભ) થશે અને ગોરખપુર-વારાણસી સ્ટેશન વચ્ચે આંશિક રદ રહેશે.

રિશિડ્યુલ/રેગ્યુલેટ ટ્રેનો

૧૭ ડિસેમ્બર ૨૦૨૫ ની ટ્રેન નંબર ૧૯૪૮૯ સાબરમતી-ગોરખપુર એક્સપ્રેસ અમદાવાદથી ૪ કલાક મોડી પ્રસ્થાન કરશે.

૯,૧૦ અને ૧૧ ડિસેમ્બર ૨૦૨૫ ની ટ્રેન નં. ૧૯૪૮૯ સાબરમતી-ગોરખપુર એક્સપ્રેસ માર્ગમાં ૫૦ મિનિટ રેગ્યુલેટ (લેટ) થશે.

માર્ગ પરિવર્તિત ટ્રેન

૧૫ ડિસેમ્બર ૨૦૨૫ ની ટ્રેન નંબર ૦૯૪૬૬ દરભંગા-અમદાવાદ સ્પેશિયલ નિર્ધારિત માર્ગ ફેફના-ઈંદારા-{Q-શાહગંજને બદલે પરિવર્તિત માર્ગ વાયા ફેફના-ગાઝીપુર સિટી-ઔડિહાર-જૌનપુરના રસ્તે ચાલશે. આ દરમિયાન આ ટ્રેન શાહગંજ અને અયોધ્યા કેન્ટ સ્ટેશન પર જશે નહી.

૧૦,૧૩ અને ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ ની ટ્રેન નંબર ૧૯૧૬૬ દરભંગા-અમદાવાદ સાબરમતી એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ ફેફના-ઈંદારા-{Q-શાહગંજને બદલે પરિવર્તિત માર્ગ ફેફના-ગાઝીપુર સિટી-ઔડિહાર-જૌનપુરના રસ્તે ચાલશે. આ દરમિયાન આ ટ્રેન શાહગંજ, આજમગઢ, {Q અને બલિયા સ્ટેશનો પર જશે નહીં.

## રાજ્ય સરકારે લીધો મોટો નિર્ણય

# જમીન માપણી માટે મહિનાઓ સુધી રાહ નહીં જોવી પડે

● અમદાવાદ, તા.૯

જમીન માપણીના કામમાં સરળતા લાવવા અને ફાઈલોના ચક્કરનું ભારણ ઘટાડવા ગુજરાત સરકારે મહત્ત્વનો નિર્ણય લીધો છે. હવે ખાનગી લાયસન્સી સર્વેયરોને લાયસન્સ જારી કરવાની સત્તા જિલ્લા કલેક્ટર સોંપી દેવામાં આવી છે. ૪ ડિસેમ્બર ૨૦૨૫થી નવો નિયમ લાગુ કરી દેવામાં આવ્યો છે. આ સુધારાથી જમીન માપણી જિલ્લા સ્તરે ઝડપી બનશે તેમજ જવાબદેહી સુનિશ્ચિત થશે.

હાલની વ્યવસ્થા પ્રમાણે અરજી સેટલમેન્ટ કમિશ્નર સુધી જતી હતી જેમાં ખૂબ સમય લાગતો હતો. જેના કારણે લોકોને જમીન માપણી માટે મહિનાઓના મહિનાઓ રાહ જોવી પડતી હતી. જેની ફરિયાદો મોટાપાયે ઉઠતાં સરકારે સિસ્ટમને સુધારવાનો નિર્ણય કર્યો હતો. જેમાં સત્તાની ફેરબદલી કરી કલેક્ટરને જવાબદારી સોંપી દેતા હવે જમીન માપણીના કામમાં વેગ આવશે.

નવા ઠરાવ પ્રમાણે સર્વેયરનું સંપૂર્ણ મોનિટરિંગ હવે કલેક્ટર કચેરી હેઠળ આવી ગયું છે. કલેક્ટરની ભૂમિકા માત્ર લાયસન્સ આપવા પૂરતી મર્યાદિત નથી. હવે તે જિલ્લાકક્ષાએ સર્વેયરની સંપૂર્ણ પ્રોફાઈલ વેરિફિકેશન, લાયકાત ચકાસણી, ફી નક્કી કરવી, કેસ ફાળવવા, તેમજ તેમની કામગીરી પર નજર રાખવાની રહેશે. જે મુજબ જમીન સર્વેયરનું સંપૂર્ણ મોનિટરીંગ કલેક્ટર કચેરીને સોંપી દેવાયું છે. મહેસૂલ વિભાગના સૂત્ર મુજબ આ વહીવટી બદલાવથી માપણીના પેન્ડિંગ કેસોમાં મોટો ઘટાડો થશે તેમજ કલેક્ટર કચેરીને હવે તેમની જરૂરિયાત અને કેસના ભાર મુજબ સર્વેયરો ફાળવવાની છૂટછાટ મળશે.

ભ્રષ્ટાચાર અટકાવવા માટે પોલીસ વેરિફિકેશન ફરજિયાત કરી દેવામાં આવ્યું છે. કલેક્ટર દરેક લાયસન્સનો ડિજિટલ રૅકોર્ડ પણ જાળવશે અને સમય મુજબ રાજ્યને રિપોર્ટ કરશે. જિલ્લાકક્ષાએ સત્તા આપવાથી નાગરિકોને સ્થાનિક સ્તરે જ ઝડપી સેવા મળશે તેવું ગુજરાત સરકારનું માનવું છે

## બે લક્ઝરી બસ બુક કરાવવા માટે ૩૪ હજારની રકમ લીધી હતી

# હની ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલક દ્વારા છેતરપિંડી કરવામાં આવી

● અમદાવાદ, તા.૯

સરખેજ વિસ્તારમાં કાપડના એક વેપારી સાથે ટ્રાવેલ્સ કંપનીના માલિક દ્વારા મોટી છેતરપિંડી કરવામાં આવી છે. 'હની ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ'ના સંચાલક વિમલ રજનીકાંત પંચાલે બે લક્ઝરી બસ બુક કરાવવા માટે ૩૪ હજારની રકમ લીધી હતી. છેલ્લે ટાણે હાથ ઊંચા કરી લેતા કાપડ વેપારીનો પ્રસંગ બગડે તેવી નોબત આવી હતી.

ફરિયાદી જીયાઉદીન સૈયદે તેમની દીકરીના લગ્ન બાદ મહેમાનોને સંતરામપુર તેડવા લઈ જવા માટે 'હની ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ'ના સંચાલક વિમલ રજનીકાંત પંચાલ પાસે બે લક્ઝરી બસ કુલ રૂપિયા ૨૬,૦૦૦માં બુક કરાવી હતી અને એડવાન્સ પેટે રૂપિયા ૧૫,૦૦૦ પણ ચૂકવ્યા હતા. જોકે, બસ મોકલવાના સમયે જ ટ્રાવેલ્સ એજન્સીએ હાથ અધ્ધર કરી દીધા હતા, જેના કારણે વેપારીને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ ઘટના બાદ વેપારીએ વિમલ પંચાલ અને અન્ય એક વ્યક્તિ વિરુદ્ધ છેતરપિંડીની કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

લગ્નના બીજા દિવસે, ૭/૧૧/૨૦૨૫ના રોજ બપોરે બે વાગ્યે, જ્યારે ૧૦૦ મહેમાનોને તેડવા માટે બસ આવવાની હતી, ત્યારે વિમલ પંચાલે વારંવાર ફોન કરવા છતાં કોઈ જવાબ આપ્યો નહોતો. છેલ્લી ઘડીએ, પંચાલે વેપારીને નિરંજન જૈન નામના અન્ય એક વ્યક્તિનો સંપર્ક કરવા જણાવ્યું હતું. ત્યારબાદ, સાંજના ચાર વાગ્યે મહાવીર ટ્રાવેલ્સ તરફથી માત્ર એક જ બસ મોકલવામાં આવી હતી. આ તકે, નિરંજન જૈને ફોન પર ધમકી આપી કે બે બસનું ભાડું રૂપિયા ૪૧,૬૯૦ થાય છે, અને જો સંપૂર્ણ રકમ નહીં ચૂકવવામાં આવે તો આવેલી એકમાત્ર બસમાંથી મહેમાનોને ઉતારી દેવામાં આવશે. પરિણામે, પ્રસંગ બગડે નહીં તે માટે મજબૂરીમાં ફરિયાદી વેપારીએ ડ્રાઈવરને રોકડા રૂપિયા ૨૫,૦૦૦ અને Google Pay દ્વારા રૂપિયા ૯,૦૦૦ એમ કુલ રૂપિયા ૩૪,૦૦૦ની વધારાની રકમ ચૂકવવી પડી હતી. આ રકમ નક્કી કરેલા ભાડા કરતાં ઘણી વધારે હતી.

વધારાના રૂપિયા ૩૪,૦૦૦ વસૂલ્યા છતાં, નિરંજન જૈને બીજી બસ મોકલવાની બાંહેધરી આપી હતી, જે એક કલાક વીત્યા છતાં મોકલવામાં આવી નહોતી.

## મસાજ પાર્લરની આડમાં ગેરકાયદેસર દેહવ્યાપારનો ધંધો

# અમદાવાદના સોલાના વિવાન્તા સ્પા પર પોલીસની રેડ પડી

● અમદાવાદ, તા.૯

અમદાવાદ ક્રાઈમ બ્રાંચની AHTU ટીમે સોલા વિસ્તારમાં આવેલા વિવાન્તા ઈન્ટરનેશન સ્પા પર દરોડો પાડીને એક દેહવ્યાપારના ધંધાનો પર્દાફાશ કર્યો છે. બાતમીના આધારે સ્પાના મેનેજર અને માલિકો આર્થિક ફાયદા માટે મસાજ પાર્લરની આડમાં ગેરકાયદેસર દેહવ્યાપારનો ધંધો કરાવતા હોવાનું સામે આવ્યું છે. પોલીસે મેનેજર સહિત ત્રણ માલિકો વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. મહત્ત્વનું છે કે, રેડ દરમિયાન સ્પામાંથી કુલ ૮ મહિલાઓ મળી આવી હતી.પોલીસને બાતમી મળી હતી કે, વૈષ્ણોદેવી સર્કલ પાસે રનસ્કેપ બિલ્ડિંગના પહેલા માળે આવેલા વિવાન્તા ઈન્ટરનેશન સ્પા બોડી મસાજની આડમાં દેહવ્યાપારની પ્રવૃત્તિ ચલાવી રહ્યું છે. આ બાતમીના આધારે, AHTU દ્વારા રેડ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા ડમી ગ્રાહક તૈયાર કરવામાં આવ્યો હતો. જેને શારીરિક સંબંધ માટે સ્ત્રીની માંગણી કરવા અને ભાવતાલ નક્કી થયા બાદ ફોનથી જાણ કરવા સૂચના અપાઈ હતી. તેને રૂપિયા ૨૫૦૦ આપીને સ્પા સેન્ટર પર મોકલાયો હતો. આ પછી થોડીવારમાં ડમી ગ્રાહકનો મેસેજ મળતા જ પોલીસ ત્રાટકી હતી. પોલીસની રેડ દરમિયાન રીસેપ્શન પર હાજર વ્યક્તિએ પોતાનું નામ તરુણકુમાર અને પોતાની ઓળખ સ્પાના મેનેજર તરીકે આપી. મેનેજરની પૂછપરછમાં માલિક તરીકે ભાડા કરારમાં ગૌતમ ઠાકોરનું નામ હોવાનું પરંતુ મુખ્ય માલિકો નીલ શાહ અને હિરેન ઉપાધ્યાય હોવાનું જણાવ્યું હતું. રેડ દરમિયાન, એક રૂમમાંથી ડમી ગ્રાહક અને તેની સાથે શારીરિક સંબંધ બાંધવા માટે આપવામાં આવેલી એક મહિલા મળી આવી હતી. સ્પામાં કુલ ૧૫ રૂમ હતા, જેમાંથી ૧૦ મસાજ રૂમનો સમાવેશ થાય છે.પોલીસની રેડ દરમિયાન સ્પામાંથી કુલ ૮ મહિલાઓ મળી આવી હતી. જેમાંથી ૪ મહિલાઓએ કબૂલાત કરી હતી કે સ્પાના માલિક તેમને દેહવ્યાપારનો ધંધો કરાવતા હતા અને સંચાલક/મેનેજર દ્વારા તેમને પ્રતિ ગ્રાહક રૂપિયા ૧૦૦૦ મળતા હતા. તપાસમાં સ્પાના મેનેજર પાસે જરૂરી દસ્તાવેજો કે સ્ટાફનું પોલીસ વેરિફિકેશન નહોતું.

# વીજચોરીના કેસમાં આર.ઓ. પ્લાન્ટ ચલાવનારને બે વર્ષની સખ્ત કેદ

● જામનગર, તા.૯

જામનગરમાં પાવર ચોરીના કેસમાં સ્પે.કોર્ટે બે આરોપીઓને બે વર્ષની સજાનો હુકમ કર્યો છે. જામનગરમાં રામનગર શેરી નં. ૨ માં નગર સી સબ ડીવીઝન હેઠળ આવતા વિસ્તારમાં પી.જી.વી.સી.એલ. ચેકીંગ અધિકારી દ્વારા ચેકીંગ કાર્યવાહી દરમ્યાન આરોપીઓ નિર્ભય લક્ષ્મણભાઈ સોલંકી અને સાગર વજશીભાઈ વસરાના આર.ઓ પ્લાન્ટમાં ચેકીંગ કરતાં તેઓ કાયદેસરના ગ્રાહક હોવા છતાં તેઓ દ્વારા મીટર સાથે ચેડા કરી મીટર બાયપાસ કરી ગેરકાયદેસર રીતે ડાયરેકટ પાવરચોરી કરતાં પકડાયા હતા. જેથી કાયદેસરની કાર્યવાહી કરી નિર્ભય લક્ષ્મણભાઈ સોલંકી અને સાગર વજશીભાઈ વસરાને પુરવણી બીલ આપવામાં આવ્યા હતા.

જે અંગે ઈન્ડીયન ઈલેકટ્રીસીટીની એકટની કલમ—૧૩૫ અન્વયે જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશનમાં બને આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધીને ચાર્જશીટ કરવામાં આવ્યું હતુ.

## વસ્ત્રાપુર વિસ્તારમાં એક ગંભીર ઘટના સામે આવી

# સાસરિયાના ત્રાસથી કંટાળી ૧૯ વર્ષીય પરિણીતાની આત્મહત્યા

● અમદાવાદ, તા.૯

અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં એક ગંભીર ઘટના સામે આવી છે. સાસરી પક્ષના સતત ત્રાસથી કંટાળીને માત્ર ૧૯ વર્ષીય પરિણીતા રીના ઉર્ફે રેણુકા રોતે ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું છે. મૃતકના પરિવારે આ આત્મહત્યા માટે જવાબદાર પતિ રાજેશ પરમાર, સાસુ મંજુબેન અને સસરા બળદેવભાઈ પરમારને જવાબદાર ગણી તેમની વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

પોલીસના જણાવ્યા મુજબ, લગ્નના શરૂઆતના છ મહિના બાદથી જ સાસરિયા દ્વારા પરિણીતાને સંતાન ન થવા અને ઘરકામની નાની બાબતોમાં મેણાં-ટોણાં મારીને શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. આથી કંટાળીને રીનાએ પોતાના ઘરમાં લોખંડના એંગલ સાથે કપડાથી ગળેફાંસો ખાઈને અંતિમ પગલું ભર્યું હતું. પોલીસે આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધીને કાયદાકીય તપાસ શરૂ કરી છે.

રીના ઉર્ફે રેણુકાના લગ્ન વર્ષ ૨૦૨૩માં રાજેશભાઈ પરમાર સાથે થયા હતા. સાસરિયાના સભ્યો પતિ, સાસુ અને સસરા દ્વારા સંતાન ન હોવાને મુદ્દે છેલ્લા બે વર્ષથી રીનાને સતત હેરાન કરવામાં આવતી હતી. ત્રાસ એટલો વધી ગયો હતો કે રીના થોડા સમય માટે તેના માતા-પિતાના ઘરે રહેવા ગઈ હતી, પરંતુ ત્યાં પણ આરોપીઓ ઝઘડો કરવા પહોંચી ગયા હતા અને દાગીના પાછા માંગ્યા હતા. ત્યારબાદ રીના અને રાજેશ અલગ રહેવા લાગ્યા, તેમ છતાં ત્રાસ ચાલુ રહ્યો હતો. પતિ રાજેશ ઘર ખર્ચના પૈસા પણ આપતા નહોતા અને સાસુ-સસરા ફોન કરીને માનસિક દબાણ લાવતા હતા.

મૃતક રીનાના ભાઈ હીરાલાલે પોલીસને આપેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, આત્મહત્યાના દિવસે (૭ ડિસેમ્બર) સવારે લગભગ ૯ વાગ્યે, રીનાએ તેના પતિ રાજેશ પાસે સ્વેટર લેવા માટે પૈસા માંગ્યા હતા. પગાર ન મળ્યો હોવાનું કહી રાજેશે એક અઠવાડિયા પછી સ્વેટર લઈ આપવાનું કહેતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી.

રાજેશ નોકરી પર ગયા બાદ રીનાએ તકનો લાભ લઈને રૂમમાં ગળેફાંસો ખાઈ લીધો હતો. સાંજે જ્યારે રાજેશ ઘરે પરત ફર્યા અને દરવાજો અંદરથી બંધ જોયો, ત્યારે બારીમાંથી જોતા રીના ગળેફાંસો ખાધેલી હાલતમાં જોવા મળી હતી. રાજેશે દરવાજો તોડીને રીનાને નીચે ઉતારી હતી, પણ ત્યાં સુધીમાં તેનું મોત નિપજ્યું હતું. પોલીસે રીનાના મૃતદેહનું પી.એમ. કરાવીને ત્રણેય આરોપીઓ વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી

# રાજકોટના ભીલવાસ ઠક્કરબાપા વિસ્તારમાં ૧૮ વર્ષીય યુવકની હત્યા

● રાજકોટ, તા.૯

રાજકોટ શહેર ફરી એકવાર રક્તરંજિત બન્યું છે. શહેરના ભીલવાસ, ઠક્કરબાપા વિસ્તારમાં એક ૧૮ વર્ષીય યુવકની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને હત્યા કરવામાં આવી છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ છે અને મૃતકના પરિજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.મળતી માહિતી મુજબ, મૃતક યુવકનું નામ ધાર્મિક ઉર્ફે પ્રકાશ મકવાણા (ઉંમર ૧૮ વર્ષ) છે. પ્રાથમિક અહેવાલો અનુસાર, ધાર્મિક રોડની સાઈડમાં સૂતેલા લોકોને અવારનવાર હેરાન કરતો હતો. આ બાબતને લઈને તેની મયુર લઢેર નામના શખ્સ સાથે બોલાચાલી થઈ હતી. આ બોલાચાલી એટલી હદે વધી ગઈ કે મયુર લઢેરે તીક્ષ્ણ હથિયાર વડે ધાર્મિક ઉર્ફે પ્રકાશ મકવાણાની હત્યા કરી નાખી.

આ ગોઝારી ઘટના બાદ મૃતક ધાર્મિકના પરિવારજનોમાં ભારે શોક અને રોષનો માહોલ છે. મૃતકના પિતા પ્રકાશ મકવાણાનું કહેવું છે કે, ધાર્મિક તેના મિત્રના જન્મદિવસની ઉજવણી કરવા માટે ગયો હતો. આ દરમિયાન તેની મયુર લઢેર સાથે કોઈ બાબતે માથાકૂટ થઈ હતી અને તેમાં મયુરે ધાર્મિકની હત્યા કરી નાખી.

## ભારત પેરેન્ટેરલ્સ લિમિટેડ

Corporate Identity Number (CIN): L24231GJ1992PLC018237

રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસઃ સર્વેનંબર ૧૪૪–એ, જરોદ–સમલાયા રોડ, વિલ. હરીપુરા, તા. સાવલી, વડોદરા–૩૯૧૫૨૦, ગુજરાત, ભારત. સંપર્ક નંબરઃ +૯૧ ૯૯૦૯૯૮૨૩૩૨ ઈમેલઃ cs@bplindia.in વેબસાઈટઃ www.bplindia.in

### નોટીસ

આથી સૂચના આપવામાં આવે છે કે SEBI પરિપત્ર SEBI/HO/MIRSD/DOS3/CIR/P/૨૦૧૮/૧૩૯ તારીખ ૬ નવેમ્બર, ૨૦૨૫ અને SEBI પરિપત્ર SEBI/HO/MIRSD/MIRSD-PoD/P/CIR/2025/97 તારીખ ૨ જુલાઈ, ૨૦૨૫ અનુસાર, કંપનીને શ્રી મિનેશ રસીકલાલ દોશી જેઓ બી/૩૦૪, રાજરત્ન એન્કલવ, નાયરા પેટ્રોલ પંપ નજીક, સંસ્કૃતિ ટાઉનશીપ પાછળ, પાલ આર.ટી.ઓ, સુરત, ગુજરાત–૩૯૫૦૦૯ ખાતે રહેતા છે, તેમના તરફથી નીચે દર્શાવેલ સિક્યોરિટી ધારકના નામે રાખેલી સિક્યોરિટીઝ તેમના નામે ટ્રાન્સફર કરવા માટે કંપની ને વિનંતી પ્રાપ્ત થઈ છે. આ સિક્યોરિટીઝ તેમના દ્વારા ખરીદવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો અને તેમના પક્ષમાં ટ્રાન્સફર કરી શકાઈ ન હતી.

| ફોલિયો નં. | શેરધારકનું નામ | શેરધારકનું નોંધાયેલ સરનામું | સુરક્ષા પ્રકાર અને મૂળ કિંમત | સિક્યોરિટીઝ નં. | પ્રમાણપત્ર નંબર | વિશિષ્ટતાઓની સંખ્યા | વિશિષ્ટતાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| કેઆર ૦૦૧૧૦૫ | કાજલ એમ. શાહ | ૩૦૫, ગંગારામ ચેમ્બર્સ, ધીકાંટા ક્રોસ રીલીફ રોડ, અમદાવાદ–૩૮૦૦૦૧ | ઇક્વિટી અને ફેસ વેલ્યુ રૂ. ૧૦/–પ્રતિ | ૧૦૦ | ૦૦૧૧૦૨૫ | ૦૧૧૦૨૮૦૧ | ૦૧૧૦૨૯૦૦ |

ઉપરોક્ત સિક્યોરિટીઝના સંદર્ભમાં દાવો ધરાવનાર કોઈપણ વ્યક્તિએ આ તારીખથી ૩૦ દિવસની અંદર કંપનીના રજિસ્ટર્ડ ઓફિસ, સર્વે નં. ૧૪૪ એ, જરોદ સમલાયા રોડ, હરિપુરા, સાવલી, વડોદરા, ગુજરાત, ૩૯૧૫૨૦ ખાતે આવી સિક્યોરિટીઝ નોંધાવવી જોઈએ અને આવા દાવાને સમર્થન આપતા યોગ્ય દસ્તાવેજી પુરાવા પણ આપવા જોઈએ, નહીં તો કંપની કોઈપણ પ્રકારની સૂચના આપ્યા વિના સિક્યોરિટીઝ મિનેશ રસીકલાલ દોશી નામ ટાન્સફર કરવાની કાર્યવાહી કરશે.

ભારત પેરેન્ટેરલ્સ લિમિટેડ વતી
સહી/-શર્મિન સોની
કંપની સેક્રેટરી અને પાલન અધિકારી ACS-75694

તારીખ : ૧૦-૧૨-૨૦૨૫
સ્થળઃ વડોદરા